જુલાઈ ૦૨/૨૬૨૫

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૦૨) [કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''તો પછી હવે 'જય સચ્ચિદાનંદ''

૨. 'પર્વતભાઈના દીકરા નાના છે. તેમનું હળ હાંકો.'

૩. 'તો મને પણ મારો ભાગ આપો.'

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (નવ લીટીમાં)** ૬

૧. ઉકાખાચર સભામાં મોડા પહોંચ્યા.

૨. શ્રીજીમહારાજ જેઠા મેરના ઘરે પધાર્યા.

૩. શ્રીજીમહારાજે રામબાઈના પાણીના ઘડામાં પોતાનાં ચરણ બોળ્યાં.

**પ્ર.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. આજ્ઞા **અથવા** શ્રી હરિલીલાકલ્પતરુ

૨. સ્વયંપ્રકાશાનંદ સ્વામી **અથવા** ડોસાભાઈ

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. શ્રીજીમહારાજે કયા બે નામાં લખવાની આજ્ઞા કરી છે ?

૨. સુરા ખાચરને ભ્રષ્ટ કરવા ગણિકા કોણે મોકલી ?

૩. કોઈપણ પાંચ સંતતીર્થનાં નામ લખો.

૪. કૃપાનંદ સ્વામીને સર્પ કરડ્યો ત્યારે તેમણે શું કહ્યું ?

૫. ધ્યાનનું મૂળ કોણ છે ?

૬. ગઢડા અંત્ય - ૨૪માં શ્રીજીમહારાજે સોમલા ખાચરની શી પ્રશંસા કરી છે ?





**પ્ર.૫ નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** ૫

દુઃખ કોઈ માનશો નહિ...

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** ૫

**ટૂંકનોંધઃ- અદ્‌ભુતાનંદ સ્વામી**

**૧.** તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર પાસે કડુ ગામમાં થયો હતો. **૨.** કલ્યાણદાસને શ્રીજીમહારાજનાં દર્શનનો સૌ પ્રથમ યોગ ભૂજમાં થયો હતો. **૩.** તેમના પિતા સંઘા પટેલે બાળપણથી જ સત્સંગના સંસ્કાર આપ્યા હતા. **૪.** કલ્યાણદાસના વિવાહ મેથાણ ગામે થયા હતા. **૫.** મહારાજનો પત્ર વાંચી મામા અજા પટેલ ઝંખવાણા પડી ગયા. **૬.** કલ્યાણદાસ લગ્ન મંડપમાંથી નીકળી જેતલપુર રામદાસ સ્વામીને મળ્યા. **૭.** મહારાજે તેમને ખપવાળા જાણી મીંઢળ છોડી સાધુ દીક્ષા આપી. **૮.** અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોથી ત્રણેય ભાઈઓનાં અંતર વિંધાયા ને સાધુ થયા. **૯.** શ્રીજીમહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને ધોળેરા મંદિરના મહંત નીમ્યા. **૧૦.** યોગીજી મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીની સેવાનો લાભ લીધો હતો.

**પ્ર.૭ (અ) નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** ૪

૧. પ્રીત કર પ્રીત કર .............................. કહે સત્ય વાણી.

૨. સત્સંગી જે તમારા ............ ન ભૂલીએ હરિ.

૩. વહાલા તારી મૂરતિ .................................... નવ પીએ રે લોલ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** ૪

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.

अजन्मने नमः ... ... ... धार्मिकाय नमः

૨. गालिदानं ... ... ... हितं च तैः॥

૩. श्रीवासुदेव ... ... ... शरणं प्रपद्ये॥

## (વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૮ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'ઠાકોરજીને ધરાવીને આપું છું.'
૨. 'સ્વામી ! એવા સદ્‌ગુરુ કોણ ?'
૩. 'અમારાથી એ થાળમાં જમાય નહિ.'

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (નવ લીટીમાં)** ૬

૧. મૂળજી ભક્ત સંસાર છોડીને ચાલી નીકળ્યા.
૨. મહેમદાવાદના વેદાંતીઓ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો થઈ ગયા.
૩. રઘુવીરજી મહારાજે ફરમાવ્યું કે સભામાં તો સ્વામી જ વાતો કરશે.

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. રંકમાંથી રાય
૨. તુલસી દવેને સમાધિ
૩. સૂક્ષ્મ તપ

**પ્ર.૧૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજ બીજા કયા નામે બોલાવતા હતા ?
૨. ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરીને શ્રીજીમહારાજ શું બોલ્યા ?
૩. ગુણાતીતાનંદ સ્વામીએ ઉગા ખુમાણ માટે શું સંકલ્પ કર્યો ?
૪. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા દર વર્ષે ક્યારે અને કેટલો સમય જતા ?
૫. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

**પ્ર.૧૨ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. વૃત્તિનો નિરોધ
૨. અનાદિના સેવક
૩. બજારના કાંટા





**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામી મહારાજ માટે કઈ વસ્તુઓ લઈ ગયા ?
(અ) અથાણાની બરણી (બ) સતીગીતાનું પુસ્તક
(ક) સુંદર સાદડી (ડ) બરફીની માટલી

૨. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત પદે નીમ્યા ત્યારે શ્રીજીમહારાજે કેવી રીતે પ્રસન્નતા દર્શાવી ?
(અ) પોતાની કોટમાં જેટલા હાર હતા, તે બધા જ સ્વામીને પહેરાવ્યા.
(બ) પોતાનો સઘળો પોશાક સ્વામીને આપ્યો.
(ક) પ્રસન્ન થકા ચરણારવિંદની જોડ આપી.
(ડ) પોતાની પાઘ પોતાને હાથે સ્વામીને માથે મૂકી આશીર્વાદ આપ્યા.

૩. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમે કરીને કોનું કોનું પરિવર્તન થયું ?
(અ) ઉગા ખુમાણનું (બ) રામા હાટીનું
(ક) વાલેરા વરુનું (ડ) મૂંજા સુરુનું

## (વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)

**પ્ર.૧૪ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** ૨૧

૧. અનુવૃત્તિના પાલક
**અથવા**
થોરે કેળાં

૨. પરમ ચૈત્યાનંદ સ્વામી
**અથવા**
મૂળજી બ્રહ્મચારીની સેવા-ભક્તિ

૩. સાધુઓની આકરી પરીક્ષા
**અથવા**
કૃપાસાધ્ય શ્રીજીમહારાજ

✿ ✿ ✿